Race Equality Foundation

**સુરક્ષિતતતા રાખવા માટેની હકીકતપત્રિકાઃ કોરોનાવાઈરસ (COVID-19) ફાટી નીકળેલ રોગચાળા દરમિયાન કમ્યૂનિટિના સ્વયંસેવકો કે વોલન્ટિઅર્સ**

જે બીજા લોકો પહેલેથી બીમાર હોય અથવા કોરોનાવાઈરસ થવાનો ખાસ ભય- જોખમ હોય તેઓને મદદરૂપ બનવાની લોકોની ઈચ્છા હોય તેવી સંભવિતા રહે છે. આમાં મોટી ઉંમરનાઓને ગણવામાં આવે છે અને જેઓને અમુક- ચોકકસ આરોગ્યની અવસ્થાઓ હોય કે જેમાં સમાવેશ થાય છે ડિમેનશિઆ (ચિત્તભ્રંશ). આવા વાઈરસ કે અતિસૂક્ષ્મજંતુનો ફેલાવો બંધ કરવા, સરકારે માર્ગદર્શનો દાખલ કર્યા છે કે જેમાં મોઢા ઉપર કવરિંગ કે આવરણ પહેરવાનો સમાવેશ થાય છે અને આપણે કેવી રીતે છના નિયમો (રૂલ ઓફ સિકસ) મારફતે ઘરની અંદર અને બહાર બીજાઓ સાથે સંપર્ક કરીએ, અને તેની સાથોસાથ લોકો બીજાઓ માટે કેવી રીતે કેર કે સાર-સંભાળ પૂરી પાડે છે.

થોડાક- અમુક વલ્નરેબલ પુખ્તવયનાઓ, જેવાકે જેઓને ડિમેનશિઆ અથવા બીજી તબીબી કે મેડિકલ જરૂરિયાતો હોય, તેઓને કમ્યૂનિટિ સ્વયંસેવકો કે વોલન્ટિઅર્સ મારફતે મદદ કરી શકાય. આ હકીકતપત્રક જે લોકો તેઓની કમ્યૂનિટિને સપોર્ટ કરવામાં સમાવિષ્ટ થયા હોય તેઓની વિશિષ્ટ ફિકર- ચિંતાને સંબોધન કરે છે કે જેથી કરીને ખાતરી કરી શકાય કે જેઓને જરૂર હોય તેઓ શકય હોય તેટલા સલામત રહી શકે.

**મને કોઈ એક એવા કમ્યૂનિટિ જૂથ કે ગ્રૂપની રચના કરવાની ઈચ્છા છે કે જયાં સ્વયંસેવકો ભોજનો પૂરા પાડવાની અથવા જેઓ તેઓના ઘર છોડી શકે તેમ ન હોય તેઓના માટે પ્રિસ્ક્રિપશન લેવા માટે ઓફર કરી શકે. શું મને આવા વોલન્ટિઅર્સ કે સ્વયંસેવકો માટે ડિસકલોઝર એન્ડ બેરીંગ સર્વિસની (જાહેર કરવામાં આવેલ અને પ્રતિબંધિત કરનારી સેવાઓ) (DBS) તપાસ હાથ ધરવાની જરૂર રહે છે?**

DBS એ કોઈ એક તપાસ કરવાનો ઉપાય કે રીત છે કે કોઈ એક વ્યક્તિ પાસે એવો કોઈ ફોજદારી કે ક્રિમિનલ રિકોર્ડ ન હોય કે જે તેઓને આવા વલ્નરેબલ લોકો સાથે કાર્ય કરવા અયોગ્ય કે બિનઅનુકૂળ બનાવે. ના, વોલન્ટિઅર્સ માટે DBS તપાસ હાથ ધરવા માટે કોઈ કાનૂની આવશ્યકતા હોતી નથી. અમુક સંસ્થાઓ (જેવીકે રાષ્ટ્રીય સખાવતો) પાસે આવી પોલિસિ કે નીતિ પહેલેથી યોગ્યસ્થાને રહેલ છે અને DBS કાર્ય કરી શકય હોય તેટલી જલદીથી કોઈ પણ તપાસ કરવાની કાર્યવાહી કરી રહી છે.

સ્થાનિક સંસ્થાઓ કે જેઓ સ્થાનિક કમ્યૂનિટિમાં લોકો માટે વોલન્ટિઅર સપોર્ટની રચના કરવાનું આયોજન કરી રહયા હોય તેઓને માટે વિચારણાઃ

- કોઈ એક વોલન્ટિઅર વ્યવસ્થાપક કે આયોજક તરીકે તમે કરી શકો તેવી સૌથી મહત્વની વસ્તુ- સ્થિતિ એ ખાતરી કરવાની છે કે તમારું ગ્રૂપ આવી સલામતીની વ્યવહાર- આચરણની રીતને ધ્યાનમાં લે છે. સહેલી સાવચેતીઓને અપનાવવી જેમકે ખર્ચવામાં આવેલ નાણાનો રિકોર્ડ રાખવો અને ખરીદીની રસીદો પૂરી પાડવાનું તમને મદદરૂપ બને કે જયાં તમે આવા વલ્નરેબલ લોકોને સપોર્ટ કરતા હોય.
- જો બેની જોડમાં (પેઅર્સ) કાર્ય કરતા હોય તો બધાજ સમયે બે મીટર્સ અવશ્ય દૂર રહો.
- મૂળ-પાયાની જરૂરિયાતો માટે તમારે શોપીંગ કરવા જવુ જોઈએ જેમકે ખોરાક અને દવાઓ, કે જે શકય હોય તેટલુ વિરલ કે વારંવાર ન હોય. જયાં શકય બને ત્યાં, પૂરવઠો દરવાજા પાસે છોડી દો જેથી કરીને બીજુ કુટુંબ દાખલ થવાથી દૂર રહે.

સુરક્ષિતતા માટેના વ્યવહાર કે આચરણ અને DBS ની તપાસ કરવા માટેની વધારે માહિતી વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નોમાં સરકારની વેબસાઈટ ઉપર મળી શકે.

**મારી સ્ટ્રીટ કે રસ્તામાં રહેનારા લોકો કે જેઓ તેઓનું ઘર છોડી શકે તેમ ન હોય તેઓને શોપીંગ પહોંચાડવા અથવા તેઓના કૂતરાઓને ચલાવવામાં મદદરૂપ બનવા મને સ્વેચ્છાથી કાર્ય કરવાની ઈચ્છા છે તો શું મને DBS ચેક કે તપાસની જરૂર છે?**

ના, તમારી પાસે DBS તપાસ કે ચેક હોય તેવી કોઈ કાનૂની આવશ્યકતા નથી.

પણ વોલન્ટિઅર્સ કે સ્વયંસેવકોને ખાતરી કરવાની ઈચ્છા હોઈ શકે કે તેઓ જે કંઈ કરી રહયા હોય તે સ્પષ્ટ હોય અને જે કમ્યૂનિટિને તેઓ મદદ કરતા હોય તેઓનો તેઓ વિશ્વાસ ધરાવતા હોય. સરળ કે સાદી વ્યવહારિક સાવચેતીઓ જેમકે બેની જોડમાં (પેઅર્સ) સલામતરીતે કાર્ય કરવું, ખર્ચવામાં આવેલ નાણાનો રિકોર્ડ રાખવો અને શોપીંગની રસીદો પૂરી પાડવાથી આ સિધ્ધ કરવામાં મદદરૂપ થાય છે.

જો તેઓ એકજ સરખા કુટુંબના માણસો ન હોય તો, વોલન્ટિઅર્સે અવશ્ય બધાજ સમયે બે મીટર્સનું અંતર રાખવુ જોઈએ.

કૃપા કરી યાદ રાખશો કે જાહેર કે પબ્લિકમાં છ કરતાં વધારે લોકોના ભેગા થવા ઉપર પ્રતિબંધ છે, અને પોલીસ દ્વારા આવી કાર્યવાહીનો અમલ કરવામાં આવે છે. પણ 15 લોકો સુધીના સપોર્ટ ગ્રૂપો, કે જેમાં ડિમેનશિઆ જેવી લાંબા સમયની માંદગીઓને સપોર્ટ પૂરા પાડતા લોકોના સમાવેશને છૂટ છે, અને મળવા માટેની રજા હોય છે.

**શું કોઈ પણ વ્યક્તિ આવી સ્વેચ્છાપૂર્વકની સેવામાંથી બાધ કે પ્રતિબંધિત હોય છે?**

ફકત એવાજ લોકો, કે જેઓને વલ્નરેબલ પુખ્તવયનાઓ સાથે કાનૂનીરીતે વોલન્ટિઅરીંગ કરવામાંથી અટકાવવામાં આવતા હોય, તેઓ એ હોય છે કે જેઓને તેમ કરવાથી DBS દ્વારા પ્રતિબંધિત કરેલ હોય. જો તમને અમુક પ્રકારના કાર્યમાંથી કામ કરવાનું પ્રતિબંધિત કે બાધિત હોય, તો પછી તે પ્રકારનું કાર્ય કરવાથી તમે કોઈ એક ગુનો કરો છો.

કમ્યૂનિટિ ગ્રૂપોએ તેઓના વોલન્ટિઅર્સને પૂછવું જોઈએ કે જો તેઓને પ્રતિબંધિત કરવામાં આવેલ છે. જો તેઓને પ્રતિબંધિત કરવામાં આવેલ હોય તો, તમારે તેઓને બાળકો અથવા વલ્નરેબલ પુખ્તવયનાઓ સાથે ગાઢરીતે કાર્ય કરવા દેવા જોઈએ નહિ. વધારે માહિતી માટે જૂઓ આ DBS માર્ગદર્શન.

---

આ માહિતી સરકારની સલાહ ઉપર આધારિત છે

https://www.gov.uk/government/publications/safeguarding-factsheet-community-volunteers-during-covid-19-outbreak

ધ ગવર્નમેન્ટ કોરોનાવાઈરસ માર્ગદર્શનને 22 સપ્ટેમ્બરના રોજ અધતન કરવામાં આવેલ હતું https://www.gov.uk/government/news/coronavirus-covid-19-what-has-changed-22-september